ધી સુરત નાગર એસોસીએશને

કાળમાં પીડાતા અનાથનાં દુઃખ નિવારણાર્થે
ભજવી બતાવેલા.

ધર્માંધ

નાટ્ય પ્રયોગનો સાર
તથા તેમાંનાં.

ગાયનો.

પ્રસિદ્ધ કરનાર
સુરત નાગર એસોસીએશન–સુરત

ધી સુરત 'દેશી' પ્રિન્ટીંગ પ્રેસમાં મનુભાઈ ભાઈદાસે છાપ્યું
તા૦ [illegible] જુન ૧૯૧૨ સંવત ૧૯૬૮

કિંમત આના બે.

ટુંક સાર

જુલીઅસ સીઝર.

રોમના પ્રજાસત્તાક રાજ્યમાં જુલીયસ સીઝરને ડીક્ટેટરની પદ્વી મળી છે. અને તે રાજા થવા માગે છે એવું કેટલાક આગે વાનોનું માનવું થવાથી અને રોમના પ્રજાસત્તાક રાજ્યનો નાશ થશે એવી બીકથી તેઓ સીઝરનું ખુન કરવાનું કાવતરૂં રચે છે. માર્ચ મહિનાની ૨૩ મી તારીખે (Ides of March) સીઝરનું ખુન કરવાનું નક્કી કરેલું છે તે દિવસે સીઝર કેટલાક રોમન લોકો સાથે કેપિટલમાં જવા નીકળે છે. રસ્તામાં કેટલાક રોમનો એને અરજી આપવા માંડે છે પણ તે ન લેતાં કેપીટલમાં ભર સભામા તે આપવાનું તેમને કહે છે ત્યાં જતાં પબ્લીયસ સિમ્બરનો દેશ નિકાલનો હુકમ રદ કરવા કહે છે અને તેને બ્રુટસ કેશીઅસ વિગેરે આગેવાનો ટેકો આપે છે. સીઝર તે હુકમ નહિજ ફેરવાય એમ કહે છે. એટલે પહેલાં કેસ્કા, પછી બ્રુટસ, કેસીઅસ વિગેરે ખંજરથી ઘા કરીને તેને મારી નાંખે છે. લોકોને બ્રુટસ એ ખુનનાં કારણો સમજાવી તેને શાંત કરવાનો પ્રયત્ન કરે છે. પોતે તેનો પરમ વિશ્વાસુ હોવા છતાં તેનું ખુન કેમ કર્યું તેનાં કારણો સમજાવે છે અને સીઝરનાં મૃત્યુથી રોમની સ્વતંત્રતા જળવાઈ રહી છે એવું કહે છે પાછળથી સીઝરનો મિત્ર એન્ટની આ લોકો સાથે મળવા

જવાનો કોલ કરી સીઝરની મૃત્યુ ક્રિયામાં ભાષણ કરવાની રજા કેશીઅસની મરજી ઉપરાંત બ્રુટસ પાસે મેળવે છે. આખરે તે ઘણુંજ અસરકારક ભાષણ કરી લોકોને બ્રુટસ અને કેસીઅસ સામે એવા ઉશ્કેરે છે કે તેઓ તેમને રોમમાંથી નાશી જવાની ફરજ પાડે છે.

સરસ્વતિચંદ્ર.

સરસ્વતીચંદ્ર મુંબાઇના એક ધનાઢ્ય વ્યાપારી લક્ષ્મીનંદનનો વિદ્વાન પુત્ર છે. પિતાનો, મિત્રમંડળનો અને વિદ્વજ્જનોનો માનીતો છે. મૂળ સ્વભાવે વિચારશીલ, કલ્પનાશીલ અને વિરક્ષી છતાં પિતાના સંતોષને માટે તેણે સંસાર સ્વીકાર્યો છે અને પોતાનો વિવાહ રત્નનગરીના અમાત્ય વિદ્યાચતુરની સુશીક્ષીત પુત્રી કુમુદની સાથે થવા દીધો છે. વિદ્વાન અને કલ્પનાશીલ સરસ્વતિચંદ્ર અને સુશીક્ષિત અને રસિક કુમુદ વચ્ચે પરસ્પર સ્નેહ થાય છે અને વિરક્ત સરસ્વતીચંદ્ર રમણીય પ્રિય કુમુદની છબી તૈયાર કરાવી વાલકેશ્વરના બંગલામાં મૂકે છે અને કુમુદને સારૂ દ્રવ્ય ખરચે છે. સરસ્વતીચંદ્રને કમનસીબે તેને એક અપરમાતા છે તે લક્ષ્મિનંદનની પ્રીતિ પુત્ર પરથી ઓછી કરાવવાનો પ્રયત્ન કરે છે અને તેમાં ફાવે છે. સરસ્વતીચંદ્રે અપરમાતા ગુમાનબાને ખોટના ખાડામાં ઉતારી છે. એવો ભ્રમ તેણી શેઠના મગજમાં ઘુસાડે છે. અને આખરે શેઠનું મસ્તિક નમી જાય છે. અને સરસ્વતીચંદ્રને ઠપકો આપે છે. અને કુમુદ સાથે કુટુંબ કલેશ કરાવવાના પ્રયત્નો કરવાનો આરોપ મૂકે છે. સરસ્વતીચંદ્ર ચમકે છે અને જે સંસાર પિતાના સુખને ખાતર સ્વીકારેલો તેજ તેમના દુઃખનું મૂળ થશે, એવી બીકથી પિતાની

મીલ વિગેરેનો સર્વ કારભાર શેઠના નવા સાળા ધૂર્તલાલને સોંપી પોતે સંસારનો ત્યાગ કરવા તૈયાર થાય છે. તેનો મિત્ર ચંદ્રકાંત ઘણું સમજાવે છે પરંતુ આખરે તે ગૃહ ત્યાગ કરે છે. અને ચાલ્યો જાય છે. શેઠને પુત્ર વિયોગ થયાથી ઘણો ખેદ થાય છે અને ચંદ્રકાંતને બોલાવી પુત્રના સમાચાર પુછે છે. ચંદ્રકાંત શેઠને મર્મ વચનો કહે છે અને શેઠ ગાંડા જેવા થઇ જાય છે.

ગૃહ ત્યાગ કરી ગયલો સરસ્વતીચંદ્ર બ્હારવટીયાઓના હાથમાં આવી પડી ઘવાએલો જંગલમાં આવી પડેલો છે ત્યાં તેની સાથે એક વાણીઓ અર્થદાસ છે. વાણીઓ લુચ્ચો છે અને સરસ્વતીચંદ્ર આગળ આવી બહુજ ઢોંગ કરી રૂએ છે, એટલે તે તેની નિર્ધનતા-માંથી એનો ઉધ્ધાર કરવા સારૂ કુમુદને માટે કરાવેલી મણીમુદ્રા તેને આપે છે અને મુર્છીત થાય છે તે લઇ વાણીઓ નાસી જાય છે. પાછળથી ત્રીકાળદર્શી વિષ્ણુદાસ બાવા કેટલાક શિષ્યો સહિત ત્યાં આવી પહોંચે છે અને સરસ્વતિચંદ્રને પડેલો જોઇ ભવિષ્ય ભાખે છે કે એ સુંદરગીરીના મઠનો ઉધ્ધાર કરશે બાવાઓ સરસ્વતિચંદ્રને લઇ જાય છે.

નવાબ સાહેબની મુલાકાત. એક અસલી વખતના નવાબ સાહેબને ત્યાં ઇંગ્રેજી મુસાફર મળવા આવે છે. નવાબ સાહેબને ફિરંગી લોકોપર વિશ્વાસ નથી એટલે મેળાપ કરવાની ના કહે છે. પરંતુ દુભાષિયો નવાબ સાહેબને ઊંધુ ચત્તું સમજાવી કહે છે કે આ ફિરંગી જાદુગર છે અને જાદુના ખેલ બતાવવા આવ્યો છે દુભાષિયા સિવાય કોઇને અંગ્રેજી આવડતું નથી એટલે

નવાબ સાહેબ પૂછે કંઇ ને દુભાષિયો તેનું અંગ્રેજી કાંઇ કરે છે તેમજ અંગ્રેજી વ્યાપારીના જવાબ પણ જાણે જાદુને લગતા સવાલના જવાબ હોય એમ સમજાવે છે. દુભાષિયાને અંગ્રેજી બરાબર આવડતું નથી તેથી અંગ્રેજી બોલવામાં બહુ બહુ ભૂલો કરે છે.

ALONZO.

એલોન્ઝોને પિઝારોએ કેદ કર્યો છે અને તેને મારી નાખવાનો ઇરાદો રાખે છે રોલા કરીને એલોનઝોનો એક પરમ મિત્ર છે તે તેના મૃત્યુને માટે નિર્માણ કરેલા દિવસની આગલી રાત્રીએ આવી પહોંચે છે અને પોતાના મિત્રને છોડવવા બાવાનો વેષ લઇ કેદખાના આગળ જાય છે ત્યાં પેહેરેગીર તેને જવા દેતો નથી રોલા પેહેરેગીરને સમજાવી આખરે અંદર દાખલ થાય છે અને એલોન્ઝોને કાલાવાલા કરી પોતાનો ઝભ્ભો પહેરાવી બહાર મોકલી દે છે અને એ પ્રમાણે પોતાના મિત્રને મૃત્યુમાંથી બચાવે છે.

સયદેહુવસ—કયસરને નાદિરે કેદ કરેલો છે અને કઝલને તેની આંખ ફોડવાનો હુકમ કરે છે તે પ્રમાણે કઝલ તેની આંખ ફોડવા આવે છે, કયસરના કાલાવાલા સાંભળી કઝલનું પહાડી હૃદય પીગળે છે અને તેની આંખ ફોડતો નથી. અને જવા દે છે. પાછળથી નાદિર કઝલ ઉપર ગુસ્સે થાય છે. અને જલ્લાદને તેનું ખુન કરવા કહે છે. એટલામાં ગોળીબાર થાય છે. અને જલ્લાદનું ખુન થાય છે.

ભટજીનું ભોપાળું

ભોળાભટ જંગલમાં ઘાસના ભારા વાઢી ઘેર જવાની તૈયારી કરતા હતા એટલામાં હરીઓ, કમાલખાન તથા હજામ આવી પહોંચે છે. તેઓ તેને વૈદ કહી બોલાવે છે પણ પોતે વૈદ નથી એમ ભોળાભટ કહે છે. પણ પેલા લોકોને કોઇએ ભંભેરેલા તેથી તેઓ તો તેને વૈદજ માને છે. તે છતાં ભોળાભટ જેઓ ખરેખરા વૈદ નહોતા તે બીચારા કબુલ કરતા નથી. અંતે તે ત્રણે જણા તેને ખુબ મારે છે ત્યારે તે વૈદ હોવાનું કબુલ કરી તેઓ સાથે જાય છે.

નથ્થુકાકા સુરતના શેઠ, ઝુમખાશાની દીકરીને પરણવા આવ્યા છે પણ કન્યા મુંગી થઇ ગઇ હતી તેને દવા કરાવવા વૈદને તેડવા માણસો મોકલ્યાં હતાં તેઓ ભોળા વૈદને તેડી લાવે છે. નથ્થુકાકા વૈદનો સત્કાર કરે છે. પણ વૈદરાજ નથ્થુકાકાને પાંચ સાત લપડાકો મારે છે. પછી માફ માગી બધા ઝુમખાશાને ત્યાં જાય છે.

નથ્થુશેઠ વૈદરાજને લઇ આવે છે ને સાથે હરીઓ, કમાલ તથા હજામ પણ આવે છે. વૈદ ઝુમખાશા સાથે કેટલીક વાતો કરી તેની છોકરી ચંદાની નાડ જોય છે. નાડ ક્યાં જોવી તેનું પણ જ્ઞાન હોતુ નથી તેથી પગની નાડ જોય છે. પછી વૈદક શાસ્ત્રના પ્રમાણ કહેતા હોય તેમ વૈદરાજ જુઠા જુઠા સંસ્કૃતમાં શ્લોકો બોલે છે. તે સાંભળી બન્ને વાણીઆઓ દિંગ થઇ જાય છે. પછી રૂા. ૫૦) ની દશ ગોળી આપી વૈદરાજ જાય છે.

રસ્તામાં હરીઓ તથા રૂમાલખાન મળે છે તેમની સાથે વૈદરાજ કાંઇક વાતો કરે છે અને તેમની પાસેથી પણ કાંઇ પૈસા કઢાવવાનું કરે છે પણ તેમાં ફાવતા નથી એટલે જાય છે.

રૂમખાશા તથા નથ્થુકાકા વૈદ તેમની પાસેથી ઠગીને પૈસા લઇ ગયો તે વિષે પસ્તાવો કરે છે એટલામાં વૈદ આવે છે. તેઓનું મ્હોં ઉતરેલું જોઇ વૈદ તેમ થવાનું કારણ પુછે છે તેને નથ્થુ કાકા ગુસ્સાથી જવાબ દે છે કે તે તેના પૈસા ધુતીને લઇ ગયો તેના કરતાં તો કોઇ ગોરા ડાકટરને બોલાવ્યો હોત તો ઠીક થાત. આ સાંભળી વૈદરાજ ગોરા દાકતરની મશ્કરી કરે છે અને તેઓ હિંદુનું ખાનપાન રીતભાત વગેરેથી અજ્ઞાન હોવાને લીધે દવા કરવા યોગ્ય નથી એમ જણાવી તેઓનું મન મનાવે છે.

વેણુ સંહાર

દ્રોણુ પુત્ર અશ્વત્થામા કૌરવ સેનાને આમ તેમ નાસ ભાગ કરતી જોઇ ભયથી ઘણો મોહોટો ઘોંઘાટ સાંભળી ચમકે છે અને રણભૂમિપર જઇ કર્ણ વિગેરે કૌરવ સેનાના મહા યોધ્ધાને રણભૂમિ છોડી જતાં અટકાવવા વિચાર કરે છે એટલામાં દ્રોણાચાર્યનો સારથી અશ્વસેન અશ્વત્થામાને પોતાના પિતા દ્રોણાચાર્યના મરણની ખબર આપે છે અને પૂછતાં તે કેવા સંજોગો વચ્ચે નીપજ્યું તે તેને કહે છે. એ સમાચાર સાંભળી અશ્વત્થામાં અતિશય ખિજાઇ પોતાના પિતાને મળવા મૃત્યુનો માર્ગ લેવા તૈયાર થાય છે તેને તેના મામા કૃપાચાર્ય તેમ કરતાં અટકાવે છે અને દુર્યોધન પાસે જઇ કૌરવ સેનાનું અધિપત્ય મેળવી વેર લેવાનો માર્ગ સૂચવે છે તે ઉપરથી અશ્વત્થામા તથા કૃપાચાર્ય દુર્યોધન પાસે જાય છે અને

થોડી વાતચિત થયા પછી કૃપાચાર્ય દુર્યોધનને કૌરવ સેનાનું ઉપરીપણું અશ્વત્થામાને આપવા કહે છે પણ તે પદ આગળ થી કર્ણને અપાઇ ગયું છે એમ દુર્યોધન કહે છે કર્ણ તે સ્થળે હાજર છે અને કર્ણ તથા અશ્વત્થામાં વચ્ચે તકરાર થાય છે તેને પરિણામે અશ્વત્થામા શસ્ત્ર ત્યાગ કરે છે. પાછળથી ભીમ દુઃશાસનને મારી તેના રૂધિરવડે તૃપ્ત થવાની પ્રતિજ્ઞા પાર પાડવાની તૈયારીમાં છે તેના બચાવ અર્થે કર્ણ તથા દુર્યોધન જાય છે. પોતે પણ શસ્ત્ર ત્યાગની પોતાની પ્રતીજ્ઞા તોડવા તૈયાર થાય છે. પણ આકાશવાણી તેને તેમ ન કરવા કહે છે એટલે એ લાચાર બની પોતાના મામા કૃપાચાર્યને પણ ભૂમિપર જવા કહે છે.

૧

ભાત ભાતનાં પુષ્પો, (૨) અણ ગુંથેલાં સમીપમાં ધરીએ,
પરિમલ માત્ર ગ્રહીલ્યો, (૨) સુજ્ઞ જનો શું વધુ ન ઉચ્ચરીએ.

૨

હાંસી ન કરશો આજ, સજ્જન સહુ—ટેક.
નવિન પ્રતીનો ખેલ ભજવશું (૨)
નવિન હમારો સમાજ સજ્જન સહુ હાંસી
નાટ્ય પ્રદર્શન કરવું ધરી શિર (૨)
છોકરવાદી તાજ સજ્જન સહુ......હાંસી૦

૩

દીઠું એવું હમે કરીએ (૨) ન એમાં લાજ કંઇ ધરીએ—ટેક

સાખી

કરકોના પગ કોઇના,
કોનું ધડને શીશ.
વિચિત્ર ચિત્ર નિહાળીને.
હૃદે ન ધરશો રીશ.

ઘડીમાં ખર ઘડી શાણા (૨) ઠગારા મૂર્ખને રાણા (૨)—દીઠું

સાખી.

નયને અનુકુળ ગોઠવ્યો.
આજ રાત્રિનો રંગ,
પલ પલમાં પલટઇ જતા.
કાચો રંગ પતંગ.

સ્વભાવે સિદ્ધ એ રીતી (૨) અનુકરણે રહે પ્રીતિ (૨)—દીઠું

સાખી.

એવાં દુર્ભિક્ષો દુઃખી.
રાંક જનોને કાજ,
નેક ટેક છોડી દીધાં.
દૂર કરી સહુ લાજ,
નહીં કોઇ સ્વાર્થને માટે (૨) નહીં યશ કીર્તિને સાટે (૨)—દીઠું

સાખી.

નાટ્ય ભુમિનો છે નહી.
પરિચય અમને લેશ,
દોષ તરફ જોશો નહી.
જો જો શુભ ઉદ્દેશ,
કુટિલ દૃષ્ટે ન નીહાળો, (૨) વીનંતિ એ સ્વીકારી લો (૨)—દીઠું

લક્ષ્મીનંદન— ૪

બસ બસ તું નહી બોલરે, બસ બસ તું નહી બોલ. ટેક,
જાણ્યું જાણ્યું ત્હારૂં ડહાપણ (૨)
જાણ્યો ત્હારો ડોળરે. બસ બસ.
મારે ત્યાં તું બીડ મહિં (૨)
અંગારો રાતો ચોળરે. બસ બસ.
ધીઃક ધીઃક તવ ભણતરને તેં. (૨)
બોળ્યું નામ અમોલરે. બસ બસ.
કાળું કરતું સરખા સુત છે. (૨)
મારે તરણા તોલરે. બસ બસ.

સરસ્વતીચંદ્ર--   ૫

એક અતી અપૂર્વ વાત બની કાલે,
શું કહું તને હું હ્રદય માંહિ સાલે.
બહુ સાંભળ્યું ન શ્રવણુ જેનું થાય, (૨)
તાતના મુખેથી વાત ના કરાય.
પિતા પુત્રતણી લાજ સર્વ તોડી,
અંતમાં બીચારી કુમુદને ન છોડી,
કરે રોપવા એ કલેશ વિવિધ ખેલો (૨)
અને હું મુરખ બન્યો છું વહુ ઘેલો,
વિષય વાસનાથી સર્વ દ્રવ્ય ઉડાવી,
મેં ગુમાન પાસ લોન લેવડાવી,
જાણી જોઇને ઉતારી ખાટ ખાડ (૨)
શેર મેં લઇ કાઢેલ નફો ભારે,
મેં કરાવી લીધા લેખ ડોશી પાસે,
ના વીચાર્યું જરા ધનનું શું થાશે,
માથું ફેરવ્યું અંગ્રેજી મેં ભણીને (૨)
તાતની હવે ના ગરજ મેં ગણીને,

સરસ્વતીચંદ્ર—   ૬

પિતા તણાં આ વચનો (૨) હૃદયમાંહી એ કંટક સમ સાલે,
ભ્રમિત મગજછે મારૂં, વિચાર શક્તિ કંઇ નહીં ચાલે,

સરસ્વતીચંદ્ર— ૭

હમે તો નિર્ધનતાના નાથ, ન જોઇએ દ્રવ્ય હમારે હાથ—ટેક
ધન ત્યાગીને ભેખ લઇને કરવા ભ્રમણુ વિચાર (૨)
દેશ વિદેશે સાથ હમારી (૨) જ્ઞાન ભલો ભંડાર—હમે
રંક અવસ્થાના સુખ દુઃખના લાવા સઘળા લઇશું (૨)
ગ્રહોના સરખી નીરાધાર (૨) સ્થીતીથી વાકેફ થઇશું—હમે
વીચીત્ર આ સંસાર તણા અવનવલા ધક્કા સોશું (૨)
નિર્ધનતાના અંધકારમાં (૨) રત્ન છવાયલ જોશું—હમે
ઘોર અવિદ્યા તણા પ્રદેશે અનુકુળતાથી ફરશું (૨)
મનના આવા નવિન મનોરથ (૨) કંઇ કંઇ પુરણુ કરશું—હમે

અંક બીજો.

ભોળા ભટ— ૮

ભાઇ ભોળાજીરે હમે ભોળાજી,
ગોળ ઘીના ભાવે ગોળાજી—ભાઇ
સંધ્યા પૂજા બાંધી ટોલીએ બેસું જમવા કાજ,
ઘરની નારી છે વઢકારી (૨) ખાવા દે ખંટી ભાજી—ભાઇ.

ભણ્યા ગણ્યા નહી કક્કો તો પછી કમાઇની શી વાત,
ભારા ઘાસ તણા વેચીને (૨) રાખું રંડાને રાજી—ભાઇ.
પણ વૈરી તે વૈરી આખર કરે રોજ કંકાસ,
ગાંડો ઘેલો મિણુનો માટી (૨) કરૂં એટલી પતરાજી—ભાઇ.

૯

કમાલખાં-ભોળાભટ-હરીઓ-હજામ.

ચાલ તું શું કરે છે વાર જાઓ જે થાય તે કરો (૨)
મફતમેં ખાયગા તું માર જાઓ મીઆં ફીરતે ફરો (૨)
કેમ તું આવતો નથી વાતને છોડતો નથી (૨)
લેલે બચ્ચા તું લે અભી અરે મીઆં મુઓ મુઓ (૨)
મેં હું બડા કમાલખા ભાઇ ભોળો છે મારૂં નામ (૨)
બકતા હે કયા તું બેઇમાન હાહા હું વૈદ છું ખરો (૨)
ખાધો હવે તેં ખુબ માર વાગી ગયા હમારા બાર (૨)
ચાલ તું વૈદ ચાલ યાર ચલો મીઆં ચલો ચલો (૨)-ચાલતું.

ચન્દ્રકાન્ત— ૧૦

તોડી સર્વ મોહ માયા.
છોડી આ સંસાર છાયા.
પ્રેમના અભાવે જાયા ભાવે કહું શું (૨) તોડી.
ગાડી ઘોડે ફરનારો,
વાડી મ્હેલે વસનારો.
નિરાધાર કેરો મ્હારો હોશે ભટકતો (૨) તોડી.

કુમુદ શું કરશે ન જાણું,
દીવો ઘરનો ગયો માનું.
કોવિદ મંડળ કેરો ભાનુ અસ્ત થયો છે. (૨)

અશ્વત્થામા— ૧૧

થઇ ચુકયું આજે કૃત્ય શરૂ, સહેતાં કદી કેમ જવાય સહ્યું,
દુર્યોધનના શત્રુઓને છાજે એવું આ એક થયું. થઇ.
પરશુ કેરા સૌ અસ્ત્ર થકી, જે વીર થયો પ્રાદત્વ લઇ (૨)
તે સમ આચરણો કરીને, પગલું કેવું આછે ભરીયું. (૨) થઇ.
ધનુષધારીમાં શીરોમણી, શત્રુસંહારક ઘેણુકણી (૨)
છોડી આજે ક્રોધકણી શું લ્હાણુ કમાવા આમ કર્યું (૨) થઇ.

અશ્વત્થામા— (૧૨)

રણ ભૂમી છોડી કયાં નાસો (૨)
ધીર વીર નૃપતિઓ શાણા, મોત થકી શું ત્રાસો—રણ
કાળ થકી બચવાની આશે, ખાલી ગોથાં ખાશો,
આવે કરવા ગ્રાસ તમારો, જયાં જયાં ભાઇ જાશો—રણ
અપકીર્તિ વ્હોરી લ્યો શાને, આપે દેખાડી વાંસો,
પાછી પાની કરો ન વીરા, બારૂ કોઇ નવ થાશો—રણ

અશ્વત્થામા— ૧૩

ભીમ ઉપર બહુ વ્હાલ પિતાનો
જ્ઞાન દઇ સુખ દીધું.
ગુરૂ દક્ષિણા સાટે એણે શીર્ષ પિતાનું વિંધ્યું.

સુત—શિવ શિવ એમ ન સંભવતું,
એ તે ભાખો તમે આ શું.

અશ્વ—શિષ્ય ઉપર અતિ પ્રેમ સિંચતા રાખે પૂજ્ય પિતાજી (૨)
વિનય તજી શું નાશ કર્યો, મુજ તાત હે અર્જુન પાજી.

સુત—કદી હોય વાતએ સાચી
તો આ અવનિ મરે લાજી

અશ્વ—પૂત્ર પિતાની આશ મરોડી, કપટીએ ગોવીંદે (૨)
ઘાતક મેલ્યું ચક્ર સુદર્શન, કેવું કારમી રીતે.

સુત—નાના બોલો તમે શું તે, નહી કદી તેમ કરે પોતે.

અશ્વ—કોણ સમર્થ વળી ત્યારે છે અવનિમાં કો બીજું
વળી લાજ મર્યાદા મુકી, કરે કૃત્ય આ બુરૂં
અવર નથી કોઇ શુરૂં, શંકાએ મન ધર્યું.

સુત— ૧૪

હસ્ત અલંકૃત શસ્ત્ર (૨) ક્રોધ મૂર્તિ ધૂર્જટી સમી જેની,
દ્રોણ તુલ્ય સંગ્રામે બળે કરીને હામ ધરે શેની;

થયો પરાજય ત્યારે, (૨) શોક સમુદ્રે જઇ વસ્યા જ્યારે,
પડયાં શસ્ત્ર હસ્તેથી, રીપુ હરયા કરી ઘોર કર્મ ભારે.

સુત— ૧૫

મનની મનમાં સર્વ શમે છે, બનવાનું તે નિશ્ચે બને છે—ટેક.
ધર્મ યુધિષ્ઠિર કોદિ ચુકે નહિ, તદપિ મતિ અતિ મલીન થઇ છે–મનની.
અશ્વત્થામા હણાયો કહીને, હાથી શબ્દ મરમમાં કહ્યો છે–મનની
પ્રેમ હૃદયમાં અશ્રુ નયનમાં, દ્રોણ ભરોસે શસ્ત્ર તજે છે–મનની.

અશ્વત્થામાં— ૧૬

સત્ય પ્રતિજ્ઞા તોડીશું આમ, તોડીશું આમ–ધર્મયુધિષ્ઠિર આમ–ટેક.
પ્રેમ જીવન કરી દ્વેશ કિધો નહીં, અજાત શત્રુએ ઉપનામ (૨)
ટેક તજ્યો મુજ પૂજ્ય પિતાપર, આજ કલંકિત હેવરનામ (૨)
હું હીણ ભાગિ રંક એકલો (૨) આશ્રમ મારો લુંટયો આમ––ધર્મ

અશ્વત્થામા— ૧૭

ક્યાં છે શુરવીર આપના અરે બનેવી તે (૨)
કાળજે કારી ઘાપ લાગીઓ, તે રૂઝાએશે (૨)—ટેક.
સેના અધિપતિ, રણભૂમિઓ પતિ (૨)
સૈનિકોને શાંત કરનારા હવે ક્યાં છે ક્યાં છે.
વિવિધ વિનોદને પ્રેમ પ્રસાદથી (૨)
હેતથી હસાવનારી ક્યાં હશેજી તે ક્યાં.

અશ્વત્થામા— ૧૮

ત્યાગુ અસિ પ્રિયજે, અરેરે ! ત્યાગું અસિપ્રિયજે (૨)
હસ્ત વિભૂષિત તેં કર્યો તેં તો (૨) થયો કલંકી ખરે
તુજથી (૨) અરેરે—ત્યાગું.
દ્વિજ છતે સ્વીકારી તુજને (૨) લહી નહીં કંઇ અર્થ
તનેતો (૨) અરેરે—ત્યાગું
નીવાર્યોના વિરહ પિતાનો (૨) ધિક ધિક છે તુજને
અસીરે (૨) અરેરે—ત્યાગું
શોભે નહીં તું કૃતઘ્નહસ્તે (૨) વીરભલે સંઘરે
અન્યકો (૨) અરેરે—ત્યાગું

અર્થદાસ— ૧૯

લાવોરે કોઇ લાવો ! હાય ! હાય લાવોરે—ટેક.
વ્હાલા દાગીના, મારી બાયડી, કયાં ગયા છો ત્યાગી (૨)
હાય હાય.
લોહી તણું મેં પાણી કરીને પૈસો જમાવ્યો તે તો (૨)
સીંચ્યા પળી પળી કુપો મેં ભરીઓ (૨) ઉંધો વળ્યો
તે આખો (૨)—હાય હાય
બાયડી ગઇ તો પાછી મળશે, નહીં તો વરીશ બીજી (૨)
ધન ગયું તો જાય નિશ્ચે (૨) રડીને વાણીઓ રહેશે (૨)
હાયરે પૈસા, હાય દાગીના, હાયરે, ધનરે, હાય હાય (૨)
હાય હાય.

અર્થદાસ— ૨૦

અર્થદાસનો અર્થ સધાયો, ગર્થ બાંધો ગાંઠે.
સટકમ સટકા, પોલંપોલા (૨) હવે પોબારા પાથે હે હે (૨)
—અર્થદાસ.

વીંટી આ ચકચકતી કેવી (૨) લસલસતી એ આંખે વળગે (૨)
સુરમુટારો છોકરીઓ છે રમે [૨] પારમા કે તું કેવો [૨]
—અર્થદાસ.

વિષ્ણુદાસ વીગેરે બાવાઓ— ૨૧

જુલમ મત કરનારે બચ્ચા—ટેક.
અલખકા ખેલન સબ સચ્ચા—જુલમ
ધોલેરે પ્હેરો, ભગવેરે પ્હેરો, [૨] પ્હેરો સુરંગી જામા
અભ્ભુત હો, બરૂહો સંસારી [૨] નર હો અરૂહે રામા [૨]—જુલમ
અલખ લખત હય સબહીં ખેલન, હોને દો હય જૈસા (૨)
અલખ જગાવન કો અધિકારી ન(૨)વિભુત ધરેગા કૈસા(૨) જુલમ.

ઝુમખાશાહ— (૨૨)

અંધ તણી એ આંખોરે (૨)
પ્રભુએ મારે અંધ તણી એ આંખો. અંધ.
રત્ન છે એ ગરીબ કેરૂં, વ્હાલું મુજને એ પંખેરૂં. (૨)
ઉડવાની એ છે મારી પાંખોરે (૨) પ્રભુએ.

પુત્ર સમ છે મારી છોડી, આશ તમે નહી દોને છોડી (૨)
એને ઝટ સારી કરીને આપોરે [૨]   પ્રભુએ.

અંક ત્રીજો.

અશ્વત્થામા—   ૨૩

લઇશ વેર કરીશ કેર ઝેર ધારી ધારીરે, ના વિસારીરે,
વેરીઓને બાળી બાળીને પાપીઓને રણ રોળીને
શિર કુટીને તોડીને ફોડીને કોને ન છોડીને—લઇશ
જે સૈનિકો પાણ્ડવ તણા લઇ શસ્ત્ર સામા આવતા,
પંચાલ ગોત્રી બાળકો વળી વૃદ્ધ જે પક્ષી થતા.
વળી બાળકો જે જે હશે માતા તણા ગર્ભાશયે,
તે કર્મ સાક્ષી ભૂત, હૈયા ફૂટ ધાને સેવશે—લઇશ.

કર્ણ—   ૨૪

ઝાઝા વિશ્વમાંહિ કંકર હીરા વિરલા કોઇ,
સહેલું વદવું કર્મ કઠિણ છે. બકવાદે નહિ માઝાઃ—ઝાઝા
ખુટયા ન સૈન્ય શસ્ત્રધારીઓ, કર્મ ઉત્કટ સમર્થ કરવા—ઝાઝા

અશ્વત્થામા— ૨૫

કીર્તી પ્રસારી ત્રિલોકે જે શૌર્ય સહુકો જાણે
રક્ત અરિ સ્ત્રી કેરાં નયનો એને બીરૂ શું કહેશે,
રઝળતાં સહુ શીશ ધડોએ કર્મની સાક્ષી પુરે છે.
રકતથી તૃપ્ત થઇ રણ ભૂમિ સૌભાગ્ય વસ્ત્ર સજે છે,
ધર્મરાજ જાણે છે પોતે શસ્ત્ર ત્યાગ શાકાજે.

કર્ણ— ૨૬

મૂઢ જાણે શું—ટેક
ભિક્ષુકો શું શસ્ત્રધારે, કાચલું જે સાહ્ય હાથે.
મોદિકોથી ઉદર પોષે (૨)
ઘા સહેતે શું—હે મૂઢ
પરાક્રમથી પર જાણું એથકી નહી રાચવાનું
રક્ત નીકો વહેવાનું—હે મૂઢ.

૨૭

કર્ણ—બ્હીક ન કોની એ વરતુ મેં જાણી, છોડી દે તું નાદાની-બ્હીક
સિંહ ડરે કયમ શ્વાન શિઆળથી, ભક્ષ કરે પ્રાણી,
નિડર રહી હું શસ્ત્ર પ્રતાપે, નાશ કરૂં હું ગુમાની-બ્હીક
અસ્ત્ર સચોટીઆ સ્થાન ચુકે નહી, ધ્યાન ચુકે નહી ધ્યાની,
કાર્ય કરૂં હું પોતે સવેળા, આજ બતાવું હૂં પાણી-બ્હીક

કઝલ— ૨૮

ફલકપર બાદલ હુએ છાયા
દો આલમકા રંગ હુએ બદલા

હરઘર એક સર હુએ ચરચા
કહીં શરકા કહીં ધરકા કહીં જરકા કહીં સરકા.
એ દીલ ધડકા જીગર ફડકા લો સરપર ખંજર આપહીઆ
હુએ કહેરે કીથીયા મલબયહી ખુલા.
હકસે કરો દુઆ બર આવે મુદઆ.
જમીકા તબકા ધર રાયા——ફલક.

નથ્થુકાકા— (૨૯)

ગોટપીટ સોટપીટ ભણે વાણીઓ તેથી શું સુધરે સંસાર—ટેક.
હીંગ તોળુ કેરા ધંધાના છેકજ વાગી જાશે બાર (૨)
નામું ઠામું શીખ્યો માંડતાં બેસી દુકાને ભરતો પેટ (૨)
જો તે અંગ્રેજી કદી ભણીઓ પછી કોણ વાણોતર શેઠ (૨)
સાડાસાતના પામાં સંધું ભણતર તેનું પુરૂં થાય (૨)
અંગ્રેજી શાસ્તર ભણવાથી શું તેના ઘરમાં રંધાય (૨)
વાણીઆ મુછ નીચી તેની ઉંચી કરી કેમ ફરશે ભાઇ (૨)
કોકા બગાડુ ને વરણાગીઆ કોડીની નહી મળે કમાઇ (૨) ગોટપીટ

પાત્રો— (૩૦)

પા......હી. પાહી...... જગપતિ પાહી—(૨)
પરિજનને પાણીને પીડી તને—ટેક
રંક જનોના શ્રમ સફળ કર.
વૃષ્ટિ વરસાવ........:પૃથ્વીમાં
દયા વરસાવ........ હૃદયોમાં—પાહી.
પરસુખે ચિત્ત લહો, પરદુ:ખે આશ્રય દો.
ત્રિ...ન...તિ...એ...ઉરધારો.....પાહી.

પ્રવેશક્રમ અને વધારાના ગાયનો.

અંક પહેલો.

પ્રવેશ ૧લો—સુત્રધાર.

પ્રવેશ ૨ જો—ગુર્જરી દેવી.

પ્રવેશ ૩ જો—જુલીઅસ સીઝર:—રોમ શહેરના એક મોહલ્લામાં સીઝર, બ્રુટસ–કેસીઅસ એન્ટની–વગેરે

પ્રવેશ ૪ થો—સરસ્વતીચંદ્ર:—લક્ષ્મીનંદનને સરસ્વતીચંદ્રનો વાદ-વિવાદ.

પ્રવેશ ૫ મો—સેનેટ હાઉસમાં સિઝરનું ખૂન.

પ્રવેશ ૬ ઠ્ઠો—નવાબ સાહેબની મુલાકાત:—બાગમાં નવાબ સાહેબ અને હજુરીઓ. પાછળથી અંગ્રેજ મુસાફર અને દુભાષિયો.

પ્રવેશ ૭ મો—સીઝરના ખુન વિષે બ્રુટસ અને એન્ટનીના ભાષણો

પ્રવેશ ૮ મો—નવાબ સાહેબની કચેરી અને ત્યાં અંગ્રેજની મુલાકાત.

પ્રવેશ ૯ મો—બુસમ વરસસ બોટમ.

પ્રવેશ ૧૦ મો—સરસ્વતીચંદ્ર:—સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાન્ત વાલકેશ્વરના બંગલામાં. સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—એલો-ઝો:— એલો-ઝો કેદખાનામાં. રોલા પોતાના મીત્રને નસાડે છે.

પ્રવેશ ૨ જો—ભટનું ભોપાળું:—કમાલ હરીઓને હજામનુ ભટજીને મળવું.

પ્રવેશ ૩ જો—સરસ્વતીચંદ્ર:—લક્ષ્મીનંદન અને ચંદ્રકાન્ત લક્ષ્મીનંદનનો વિલાપ.

પ્રવેશ ૪ થો—વેંણીસંહાર:-દ્રોણાચાર્યનો પૂત્ર અશ્વત્થામા લડાઇમાં જતાં પિતાના મૃત્યુની ખબર સાંભળી શોક કરે છે.

પ્રવેશ ૫ મો—સરસ્વતીચંદ્ર:-ઘવાયલો સરસ્વતીચંદ્ર ઘાસના બીડમાં. અર્થદાસ અને બાવાઓની ઝુંડ.

પ્રવેશ ૬ ઠ્ઠો—ભટજીનું ભોપાળું:-વૈદરાજ નથ્થુ કાકાને ઘેર.

પ્રવેશ ૭ મો—ભટજીનું ભોપાળુ ઝુમખાશાહ ઘેર ભટજી.

૩

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—વેણીસંહાર. અશ્વત્થામા અને કર્ણની તકરાર.

પ્રવેશ ૨ જો—સયદેહવસઃ--કયસર કેદખાનામાં કઝલનું આંખ ફોડવા આવવું.

પ્રવેશ. ૩ જો—સયદેહવસ. નાદીર અને તેના દરબારીઓ પછી નાદીર અને કઝલ.

પ્રવેશ ૪ થો—ભટજીનુ ભોપાળુઃ—નથ્થુ કાકાને ઘેર ભટજી વગેરે

૧

જય જય જય ઇશ્વર પ્રાણપતિ,
અમ દીન પર કર કરૂણા તું રતિ.
ક્ષમા કરો અપરાધ અમારા દયાનિધિ ! અમે શરણ તમારે,
ચિત્ત ભ્રમિત થયાં છે અમારા સહી સહી કંઇ સંકટ વારે વારે
જય જય૦
શ્રવણ કરોની તાત કૃપાળુ ! દીન વિનંતિ આજ અમારી,
અમ ઘરમાં પળકી પેઠો છે પરમ દુષ્ટ આ દુકાળકારી. જય જય૦
અમ જીવનધર અવાચક પ્રાણી, શરણ રહીત વળી ભાંડુ અમારા.
અન્ન જળ વીન પડીને ટવળે ને શુષ્ક ઉદરથી મરતાં બીચારાં.
જય જય૦
અમ માનવનું અલ્પ ગજું શું થાય વિફળ સહુ પ્રયાસ ભારે,
ત્રાહિ ત્રાહિ જગત્રાતા ! હે દુખભંજન તવ પુત્ર પોકારે જય જય૦

૨

પરમારથને કાજે નાટક કરતાં લાજ નહીં ધરીએ,
વિક્રમ હાતમ સરખા વેશ ધરે તો આપણ શીદ ડરીએ.

૩

લાગે ફકીરી મને પ્યારીરે બધું મારા લાગે ફકીરી મને પ્યારી,
હસવું ને વસવું વ્હાલા, હરવું ફરવું ને મરવું.
આવી આફત દેશ ઉપર બહુ ભારી રે,—બધું૦
ખાવું ને પીવું વ્હાલા, કેમે ગમતાં નવ અમને,
ભાઇઉં ને ભુખે મરતા ભાળી રે.—બધું૦

જનો મોજનું કરતાં, દેખી રાંકો દુખીઆરાં,
ઘા કાળજડામાં કારી રે.—બંધુ૦
કહે છે આ સાધુ મોહ માયા મૂકીને.
સેવા કરવી સહુથી સારી રે.

૪

હે ગુર્જર ભૂમિ મ્હારી !
હે દેવી જયકારી !
મમ વતન ભાગ્યશાળી !
હે માતા મમ વ્હાલી !

લ સ્મિત હાસ્ય કરતું મુખ ઉદાસી ન ભાસે ?
ામ વિસ્તીર્ણ વેણી તવ વિખરાઇ ચોપાસે ?
હીં શું આમ લોટતી કર નિંદ્રાનો ત્યાગ,
ાટિ તવ પુત્ર પોકારે માત હવે તું જાગ.

દયાનંદ સ્હેજાનંદ નામ,
થઇ ગયા ધરમના ધામ;
વળી પ્રેમાનંદ ગુણવાન,
કરી ગયો રસિક નિજગાન.

યશસ્વી સિદ્ધરાય ને ભીમદેવ ભડવીર
મનું તવ નાડીમાં ધમ ધમ ઉષ્ણુ રૂધીર.
પછી ઉદાસીન શું કામ,
નહીં રાખ શોકનું નામ.

તવ સુંદર ભુ ઉપર કદી જો ઘન વાદળ ઘેરાય,
પુઠે પડીને નષ્ટ કરીશું એ અરીને ક્ષણુ માંહ્ય.
પછી થતાં તિમિરનો નાશ,
રવિ કરશે વિમળ પ્રકાશ.
તવ મસ્તક છો નીચું રાખીને શોક અસ્ત શું થાય,
કોટિ કોટિ સ્વર એક મળી તવ નામ ધ્યુગલથી ગાય.
હે ગુર્જર ભૂમિ મ્હારી!
હે દેવી જયકારી!

૫

જય જય ગરવી ગુજરાત!
દીપે અરૂણું પ્રભાત.
ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી પ્રેમ શૌર્ય અંકીત.
તું ભણુવ ભણુવ નિજ સંતતિ સહુને પ્રેમ શૌર્યની રીત.
ઉંચી તુજ સુંદર જાત.
જય જય ગરવી ગુજરાત.
તે અણુહિલ વાડનાં રંગ,
તે સિદ્ધરાજ જયસંગ.
તે રંગ થકી પણુ અધિક સરસ રંગ થશે સત્વરે માત,
શુભ શુકન દિસે મધ્યાન્હ શોભશે વીતી ગઇ છે રાત.
જય જય ગરવી ગુજરાત.